# નવનિયુક્ત હિંમતનગર તાલુકા કોંગ્રેસ પ્રમુખનો પદગ્રહણ સમારોહ યોજાયો




હિંમતનગર,તા. ૧૮

સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ સમિતી ખાતે હિંમતનગર તાલુકા કોંગ્રેસ સમિતી ના નવા વરાયેલા પ્રમુખ રાજેન્દ્રસિંહ ઝાલા નો પદગ્રહણ કાર્યકમ યોજાયો હતો.

નવનિયુક્ત તાલુકા પ્રમુખ ને કોંગ્રેસ નાં આગેવાનો અને કાર્યકરો એ ફૂલહાર કરી શુભેચ્છાઓ પાઠવી કોંગ્રેસ ને હિંમતનગર તાલુકામાં વધુ મજબુત કરવા અને આવનારી વિધાનસભા મા કોંગ્રેસ ના ઉમેદવાર ને જંગી બહુમતીથી વિજયી બનાવવા સંકલ્પ લીધા હતા. તાલુકા પ્રમુખ અને કોંગ્રેસ નાં તમામ કાર્યકરો ટાવરચોક ખાતે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફુલહાર કરી શુભ મૂહુર્ત ૧૨.૩૯. એ પદગ્રહણ કર્યું હતું.

પદગ્રહણ નાં આ કાર્યકમમાં જીલ્લા કોંગ્રેસ નાં પ્રભારી બાબુજી ઠાકોર જીલ્લા પ્રમુખ કમલેશભાઈ પટેલ પુર્વ જીલ્લા પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ પાટણ લોકસભાનાં પ્રભારી ગજેન્દ્રસિંહ રેહવર પુર્વ તાલુકા પ્રમુખ ચંદ્રસિંહ ઝાલા રણજીતસિંહ સોલંકી સુરેશ પટેલ લાલસિંહ પરમાર ઈમરાન મલેક પ્રદેશ મહામંત્રી રામભાઈ સોલંકી પુર્વ મંત્રી અશોક પટેલ મહીલા પ્રમુખ જયોતિબેન દવે શહેર પ્રમુખ પ્રિયવદન પટેલ યુથ કોંગ્રેસ મહીલા કોંગ્રેસ એસ સી સેલ માઈનોરીટી ડીપાર્ટમેન્ટ તાલુકા પંચાયત જીલ્લા પંચાયત નગરપાલિકા નાં સદસ્યો વિગેરે કોંગ્રેસ નાં હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામા ઉપસ્થીત રહ્યાં હતા

# ગાંધીનગરના સરગાસણનો ગુમ કિશોર ડીસા બસ સ્ટેશનથી મળી આવ્યો

## શહેર ઉત્તર પોલીસે કિશોરના પજિરવારને સુપ્રત કર્યો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના સરગાસણનો માનસિક અસ્વસ્થ કિશોર અડાલજથી બસમાં બેસી ડીસા બસ સ્ટેશનમાં આવી પહોંચતા પોલીસ કર્મીએ પૂછપરછ કરી વાલી વારસોનો સંપર્ક કરી પરીવાર સાથે મિલન કરાવતાં પરીવારજનોએ પોલીસની કામગીરીને બિરદાવી હતી.



ડીસા શહેર ઉત્તર પોલીસ મથકના પીઆઈ જે.વાય.ચૌહાણ શુક્રવારે પોલીસ સ્ટેશનમાં હાજર હતા. જે દરમ્યાન પોલીસ કોન્સ્ટેબલ મહંમદ ઈમરાન ન્યાજમહંમદએ જાણ કરેલ કે ડીસા નવા બસ સ્ટેન્ડ ખાતે એક મયુર પ્રહલાદભાઈ સોમાભાઈ પરમાર (ઉ.વ. ૧૧) હાલ રહે. સરગાસણ, તા. જી. ગાંધીનગર, મુળ રહે, ઢાડવડા તા. દિયોદર, બનાસકાંઠા માનસિક રીતે અસ્વસ્થ હોઈ અને અડાલજ બસ સ્ટેશનથી પોતાના પિતાજી થી છુટા પડી કોઈને જાણ કર્યા વગર બસમાં બેસી ડીસા બસ સ્ટેશન ખાતે આવી ગયેલ છે અને ડીસા બસ સ્ટેશનમાં આમતેમ ભટકતો હતો.જેથી તેની પુછપરછ કરી તેના વાલી વારસનુ નામ સરનામુ મેળવી તેના વાલી વારસોનો સંપર્ક કરી કિશોરના વાલી વારસો જાણ કરી હતી. આથી કિશોરના પરીવારજનો ડીસા આવી પહોંચતા તેને સુપ્રત કરવામાં આવ્યો હતો.

# ગુજરાતમાં આંગણવાડી કાર્યકરોની ફેર બદલીનો પરિપત્ર રદ કરાતાં અપડાઉન કરતી મહિલાઓને ભારે હાલાકી

## પોતાના સાસરિયાના ગામમાં આંગણવાડી હોવા છતાં દરરોજ અપડાઉન કરવાની નોબતઃ સરકાર દ્વારા પુનઃ પરિપત્ર જાહેર કરી આવા કાર્યકરોને ન્યાય અપાવવા રજૂઆત

ડીસા, તા. ૧૮

સરકાર દ્વારા આંગણવાડીમાં કાર્યકર પોતાના ગામમાં જ ફરજ બજાવે તે માટે બદલી કરવા સહિતનો પરિપત્ર વર્ષ ૨૦૧૨માં પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. જોકે, તેમાં કેટલીક તૃટીઓ સામે આવતાં આ પરિપત્ર રદ કરી દેવામાં આવ્યો છે. જેના કારણે વર્તમાન સમયે આવા નાના કર્મચારીઓને અપડાઉન કરવું પડતુ હોઈ પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ત્યારે સરકાર દ્વારા પુનઃ પરિપત્ર જાહેર કરી આવા કાર્યકરોને ન્યાય અપાવવા રજૂઆત કરવામાં આવી છે.ગુજરાત ભરમાં ગ્રામિણ વિસ્તારમાં રહેતી આંગણવાડી કાર્યકરોને પોતાના ગામમાં આંગણવાડી હોવા છતાં બીજા ગામમાં અપડાઉન કરવું પડી રહ્યું છે. અપડાઉન કરતી આંગણવાડી કાર્યકર બહેન નયનાબેન પરમારે જણાવ્યું કે, આંગણવાડી કાર્યકર તરીકે ફરજ બજાવતી બહેનોની ફેરબદલી કરવાનો રાજ્ય સરકાર દ્વારા તારીખ ૩ જાન્યુઆરી ૨૦૧૨ના રોજ મહિલા અને બાળ કલ્યાણ વિભાગના નાયબ સચિવ રાજેશ રાજગુરૂની સહિથી પ્રસિધ્ધ કરવામાં આવ્યો હતો. જોકે, તેમાં તૃટીઓ સામે આવતાં સરકારે આ પરિપત્ર રદ કર્યો છે. જેના કારણે જે તે સમયે પોતાના પિયરમાં ફરજ બજાવતાં હોય અને લગ્ન કર્યા પછી પોતાની સાસરીમાં આવેલી આંગણવાડીમાં ખાલી જગ્યા પડી હોવા છતાં અપડાઉન કરવું પડી રહ્યું છે. ત્યારે સરકાર દ્વારા આ પરિપત્રનો પુનઃ અમલ કરવામાં આવે તેવી અમારી માંગણી છે.

### પરિપત્ર શા માટે રદ કરવામાં આવ્યો હતો

પરિપત્રમાં એવું જણાવાયું હતુ કે, આંગણવાડી કાર્યકર અગાઉ જે સ્થળે નોકરી કરતી હોય અને નવા સ્થળની માંગણી કરે તો નવા સ્થળે તેમની નવી નોકરી ગણવી. જુની નોકરી ગણવી નહી. આવા ઉલ્લેખના કારણે પરિપત્ર રદ કરવામાં આવ્યો હતો.

### શિક્ષકોની જેમ આંગણવાડી કાર્યકરોની બદલીનો બદલી કેમ્પ રાખવા રજૂઆત કરી છે.

- ચંપાબેન પરમાર

(પ્રમુખ, આંગણવાડી મહાસભા, ગુજરાત રાજય)

ગુજરાત રાજ્યમાં આંગણવાડી કાર્યકરોને પોતાના ગામથી અન્ય ગામમાં ફરજ બજાવવા માટે જવું પડે છે. નજીવા વેતન સાથે તેમનો સમય બગડે છે. કેટલીક કાર્યકર બહેનો ગેરહાજર રહેતી હોવાથી કામ ઉપર અસર થાય છે. ત્યારે શિક્ષકોની જેમ આંગણવાડી કાર્યકરોની બદલીનો બદલી કેમ્પ રાખવા રાજય સરકારને રજૂઆત કરી છે.

પહેલા ગુજરાતમાં ગામડાઓમાં આગણવાડી માં કાર્યકર તરીકે છોકરીઓની ભરતી કરવામાં આવતી હતી. ત્યાર બાદ મહીલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા પરિપત્ર કરવામાં આવ્યો જેમાં ગામની સ્થાનિક વહુવારું લેવામાં આવશે પરતું જે મહીલાઓ અગાઉ ભરતી થઈ એ લગ્ન બાદ પોતાના સાસરે થી પિયરમાં આગણવાડીની નોકરી કરે છે. અને આવી મોઘવારી માં સામાન્ય વેતનમાં અપડાઉન પોસાય તેમ નથી જો પોતાના સાસરા ના ગામમાં આગણવાડીની ખાલી જગ્યા હોય છે પરંતુ યાતો વયમર્યાદા નડે છે અથવા સામેલ ઉમેદવાર વધુ ભણતર હોવાથી અનુભવને પ્રાધાન્ય ના આપતા અપડાઉન કરતી આગણવાડી ની બહેનો ને વંચિત રહેવું પડે છે અને અપડાઉન નો ભોગ બનવું પડે છે જેથી અપડાઉન કરતી બહેનો ને રાજીનામાં આપવાની નોબત પડી હતી.

ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન ના પ્રમુખ અરુણભાઈ મહેતા એ જણાવ્યું હતું કે અમો તમામ આંગણવાડી ના સંગઠનો સાથે મળીને આંગણવાડી કાર્યકરની બદલી અને માનદવેતન વધારવાની રજુઆત ગુજરાત સરકાર માં કરેલી છે. અને અગાઉ પણ વારંવાર રજુઆત કરવા છતા અમારી વાત સરકાર દ્વારા ધ્યાને લેવાતી નથી જો ધ્યાનમાં લેવામાં નહી આવે તો ગુજરાત ભરમાં અમે આંદોલન કરીશું

આ અંગે ભારતીય જનતા પાર્ટી ના સક્રિય કાર્યકર્તા સુરેશભાઈ સિલ્વા એ જણાવ્યું હતુ કે અગાઉ પુર્વ મુખ્યમંત્રી આંનદીબેન પટેલ અને પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેમજ પુર્વ મહીલા અને બાળકલ્યાણ મંત્રી વસુબેન ત્રિવેદી અને પુર્વ મંત્રી નિર્મળાબેન વાઘવાણી ગુજરાત ભાજપ પ્રદેશ પુર્વ પ્રમુખ જિતુભાઈ વાઘાણી ને લેખિત રજુઆત કરી હતી. અને વધુ માં જણાવ્યું હતું કે આ નિતિ વિષયક નિર્ણય હોવાથી પહેલા કેબિનેટ માં લેવામાં આવે અને ત્યાર બાદ રાજ્યપાલની મંજુરી નો મહોર મારતા હોય છે. ત્યાર બાદ આંગણવાડી કાર્યકર્તા ની બદલી શક્ય બને છે.

# ભિલોડા-મેઘરજ વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય ડો.અનિલભાઈ જોષીયારાના સ્વાસ્થ્યની રક્ષા માટે હવન

ભિલોડા,તા.૧૮

ભિલોડા અને મેધરજ તાલુકાના ધારાસભ્ય ડો. અનિલભાઈ જોષીયારા ના તંદુરસ્ત સ્વાસ્થ્યની રક્ષા માટે ભિલોડા ઉમિયા ભવનમાં પતંજલિ યોગ સમિતિ ભિલોડા,ભારત વિકાસ પરિષદ,ભિલોડા તેમજ ગાયત્રી પરિવારના સંયુક્ત ઉપક્રમે ધારાસભ્યના સ્વાસ્થ્યની રક્ષા હેતુ હવનનું આયોજન કરવામાં આવ્યું હતું.હવન દ્વારા ધારાસભ્યનું સ્વાસ્થ્ય જલ્દી સારૂ થાય તેવી સૌએ પ્રાર્થના સૌ-કોઈએ કરી હતી.ભિલોડા ગ્રામ પંચાયત, સરપંચ મુકેશભાઈ ત્રિવેદી, મહિલા પતંજલિ યોગ સમિતિ,પ્રભારી ઉર્વશીબેન બરંડા,ભારત વિકાસ પરિષદ શાખા, પ્રમુખ રામાવતારજી શર્મા,મંત્રી મહિપતસિંહ રાઠોડ,હસમુખભાઈ બરંડા,જગદીશભાઈ પટેલ,અનિલભાઈ પંચાલ,યોગ કોચ પંકજભાઈ શર્મા,વસંતભાઈ પટેલ,દેવિલાલ શર્મા સહીત શુભ ચિંતકોએ હવનમાં આહુતિ આપી ધારાસભ્યના સ્વાસ્થ્યની મંગલકામના કરી હતી.ધારાસભ્ય હાલના તબક્કે ચેન્નાઈ ખાતે સારવાર હેઠળ હોસ્પિટલમાં છે ત્યારે જલ્દી સ્વસ્થ થાય અને લોકસેવાના કાર્યોમાં વહેલી તકે કાર્યરત થાય તેવી પ્રભુને પ્રાર્થના કરાઈ હતી.

# રોટરી ક્લબ ડીસા દ્વારા દીકરીઓ માટે ફ્રી કોમ્પ્યુટર પ્રશિક્ષણ વર્ગ શરૂ કરાયા

ડીસા, તા. ૧૮

શિક્ષણ, સંસ્કાર અને




સેવાકીય પ્રવૃત્તિમાં અગ્રેસર રોટરી ક્લબ ડીસા દ્વારા વોકેશનલ મંથ અંતર્ગત ડીસાની ધોરણ ૧૨ પાસ કોઈ પણ દીકરીને કોમ્પ્યુટરનું બેઝિક નોલેજ મળી શકે તે માટે ૪૦ દિવસના ફ્રી કમ્પ્યુટર પ્રશિક્ષણ પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું છે જેના પ્રોજેક્ટ ચેરમેન શ્રીમતિ હાર્દિકાબેન સહાયતા, નીતાબેન વાર્ડે, રો.મનોજભાઈ ત્રિવેદી તેમજ રો. કેયુરભાઈ ઠક્કર દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું તેમજ ટ્રેનિંગ લીધા પછી તેમને રોજગાર પણ મળી રહે તે માટે મદદ કરવાની ખાતરી પણ આપી હતી. ૪૫ બહેનોને રોજ ૨ કલાક માટે ટેલી , ઓપરેટિંગ, વિઝિટિંગ કાર્ડ બનાવવા વગેરેની ટ્રેનિંગ આપવામાં આવે છે આ પ્રોજેક્ટમાં પ્રમુખ રો. ડો.પ્રવીણભાઈ ઠક્કર અને સેક્રેટરી ડો.ગોપાલ જોશી દ્વારા ખૂબ જહેમત ઊઠાવવામાં આવી હતી તેમજ પ્રોજેક્ટની સફળતા માટે આસિસ્ટન્ટ ગવર્નર શાંતિભાઈ ઠક્કર અને રોટરી ક્લબ ડીસાના સર્વે રોટરિયન મિત્રો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# ઉત્તર ગુજરાતની આનર્ત - ભૂમિના પનોતા પુત્ર ગાંધીવાદી સમાજસેવક પદ્મશ્રી માલજીભાઈ દેસાઈની ગણપત યુનિ. દ્વારા અભિભવંદના કરાઈ

ગપણત વિદ્યાનગર, તા. ૧૮

તાજેતરમાં જ કેન્દ્ર સરકારે જાહેર કરેલા પદ્મ એવોર્ડમાં છ જેટલાં ગરવા ગુજરાતીઓનો પણ સમાવેશ થાય છે. જેમાંના એક છે ઉત્તર ગુજરાતની પાવન આનર્ત - ભૂમિના પનોતા પુત્ર અને પ્રખર ગાંધીવાદી સમાજ -સેવક માલજીભાઈ દેવજીભાઈ દેસાઈ.

૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૦ ગણપત યુનિ.એ માલજીભાઈ દેસાઈને મળેલા આ શ્રેષ્ઠ નાગરિક સન્માન નિમિત્તે ખાસ અભિવંદના કરવાનું નક્કી કરી એ માટેનો કાર્યક્રમ યોજાયો હતો.

ગણપત યુનિ.ના પેટ્રન ઈન ચિફ અને પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ તેમજ દૂધસાગર ડેરી, મહેસાણાના ચેરમેન અશોકભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં પદ્મશ્રી માલજીભાઈ દેસાઈનું સન્માન - એટલે કે વિશેષ અભિવંદના કરવામાં આવી હતી.

સમારંભના આરંભે ગણપત યુનિવર્સિટીના પ્રો. ચાન્સેલર અને ડાયરેકટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્માએ એમના સ્વાગત - પ્રવચનમાં સૌને આવકાર આપી પદ્મશ્રી માલજીભાઈ દેસાઈની સેવા - પ્રવૃત્તિઓને બિરદાવી અને શાબ્દિક વંદના કરી હતી. પ્રો. ડો. શ્રી શર્માજીએ કહ્યું હતું કે માલજીભાઈનું જીવન ગાંધીજીના સિદ્ધાંતોને પૂરેપૂરું સમર્પિત છે. એમની યુવા અવસ્થામાં જ એમને માણસામાં હરિજન હોસ્ટેલના ગૃહપતિ તરીકેની સેવા જવાબદારી સંભાળી હતી. અને પછીથી વતન લણવા ગામ નજીકના ઝીલીયા ગામે ગાંદીઆશ્રમની સ્થાપના કરી શિક્ષણ સહિત અનેકાવિધ સામાજિક સેવાઓનો યજ્ઞ આરંભ્યો હતો જે આજસુધી અવિરત પણે ચાલુ છે.




મહેસાણાની દૂધસાગર ડેરીના ચેરમેન અશોકભાઈ ચૌધરીએ પદ્મશ્રી માલજીભાઈની સરાહના કરતા કહ્યું હતું કે આ સભામાં ઉપસ્થિત સૌ મહાનુભાવોને હું વિનંતી કરું છું કે આપણે સૌએ એકવાર જરૂરી માલજીદાદાના ગાંધી આશ્રમની મુલાકાત લેવી જોઈએ !

શ્રી અશોકભાઈએ જીવનને ત્રણ ભાગમાં વહેંચ્યું હતું. (૧) સામાન્ય જીવન (૨) સફળ જીવન અને (૩) સાર્થક જીવન. જે લોકો પોતાના માટે નહીં, સમાજના લાભાર્થે જીવન જીવે છે એમનું જીવન સાર્થક છે.

આદરણીય માલજીભાઈ દાદાનું અને ગણપત દાદાનું બંનેના જીવન સાર્થક જીવન છે. હું સદ્ભાગી છું કે આજે આ બંને પદ્મશ્રી મહાનુભાવોની સાથે મને બેસવાનું ધન્યભાગ્ય મળ્યું છે.

ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલે પદ્મશ્રી માલજીભાઈને મળેલા પદ્મ-સન્માન માટે કહ્યું હતું કે દાદાએ પરસેવો પાડ્યો છે જેથી નવી પેઢીને તકલીફ ના પડે. એ એટલે સરકારે એમને 'પદ્મશ્રી' આપ્યું છે. જીંદગી સાર્થક બનાવવાની કલા આપણે માલજી દાદા પાસેથી શીખવી જોઈએ.

# લલિતચંદ્ર બુટાલાનું ધનસુરાના વિવિધ સંગઠનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું

ધનસુરા,તા, ૧૮

લલિતચંદ્ર બુટાલા નું ધનસુરાના વિવિધ સંગઠનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું ધનસુરા નિવૃત કર્મચારી મંડળ તથા સિનિયર સિટીઝન મંડળ અને રેડક્રોસ સોસાયટીના હોદ્દેદારો દ્વારા તેમ જ રામજી મંદિરના મહંત મહામંડલેશ્વર પુરણશરણ દાસજી મહારાજ દ્વારા લલિત ચંદ્ર બુટાલા રોડ ટ્રાન્સફર મોડાસા ડિરેક્ટર ધિરાણ મંડળી મોડાસાના ચેરમેન તથા રેડક્રોસ ના મંત્રી બનવા બદલ તેઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં મહેશભાઈ, રાજુભાઈ, મનસુખભાઈ ભગત, ધીરુભાઈ.જે.પટેલ, જેસીંગભાઈ. જી.પટેલ, મોતીભાઈ પટેલ, ગુણવંતભાઈ પણ હાજર રહ્યા હતા આ કાર્યક્રમનું સમગ્ર આયોજન




જયંતીલાલ.પી.પટેલ, આર.ડી.પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સિનિયર સિટીઝન મંડળના મંત્રી મૂળજીભાઈ તથા ઉપપ્રમુખ રેડક્રોસ સોસાયટીના ઉપપ્રમુખ ગોવિંદભાઈ. એસ. પટેલ એ કર્યું હતું આ પ્રસંગે લલિતચંદ્ર બુટાલાનો સમગ્ર પરિવાર હાજર રહ્યો હતો.

# અંબાજી ગબ્બરની તળેટીમાં ૫૧ શક્તિપીઠ મંદિરોનો આઠમો પાટોત્સવ ઉજવાયો

અંબાજી, તા. ૧૮

વિશ્વ વિખ્યાત યાત્રાધામ અંબાજીમાં ૨૦૧૪ માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ ના વડાપ્રધાન નરેન્દ્રમોદી દ્વારા ભારત ભર માંથી અંબાજી આવતા શ્રદ્ધાળુઓ ને એકજ સમય એકજ સ્થળે દેશ-વિદેશમાં સ્થાપિત ૫૧ શક્તિપીઠ દેવીઓ ના દર્શન થાય તે માટે અંબાજીના ગબ્બરની તળેટીમાં ૫૧ શકિતપીઠનો ના આબેહુબ મંદિરો નું સર્જન કરવામાં આવ્યું હતું. અને દર વર્ષ ની જેમ આ વખતે પણ ૫૧ શક્તિપીઠ મંદિરો નું આઠમો પાટોત્સવ ની ઉજવણી કરવામાં આવી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા




જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ત્રીદિવસીય યોજનાર કાર્યક્રમ ને ટૂંકાવી માત્ર એક દિવસ નો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. આ મંદિરો ને ૮ વર્ષ પૂર્ણ થતા પાટોત્સવ ની ઉજવણી સાદગી પૂર્ણ રીતે કરવામાં આવી છે ગબ્બર તળેટી ના સર્કલ થી માતાજી ની પાલખી યાત્રા ને મંદિર ના વહીવટદારે પ્રસ્થાન કરાવી હતી જે પાલખી યાત્રા ગબ્બર તળેટી માં સ્થાપિત ૫૧ શક્તિપીઠો માં માતાજી ના જયઘોષ સાથે ફરી હતી. જેમાં સંસ્કુત પાઠશાળા ના વિધ્યાર્થીઓ,ધાર્મીક ઉત્સવ સેવા સમીતી અંબાજી તથા આનંદ ગરબા મંડળ પણ જોડાયા હતા. અને આ સાથે મંદિર સંકુલ માં વિદ્વાન પંડિતો દ્વારા શાસ્ત્રોક વિધિ પ્રમાણે માતાજી ના નવચંડી યજ્ઞ નું પણ આયોજન કરવામાં આવ્યું હતું.આ અંગે અમારા બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના અંબાજી ના પત્રકાર મહેન્દ્રભાઈ અગ્રવાલે વધુમાં અહેવાલમાં જણાવ્યું હતું કે, કેટલાક મંદિરો માં પુજારીઓ દ્વારા અન્નકુટ પણ ધરાવવામાંઆવ્યો હતો. અને ૫૧ શક્તિપીઠ મંદિરો ના શિખરે ધજારોહણ કરીને આઠમાં માં પાટોત્સવ ની સાદગીપૂર્ણ રીતે ઉજવણી કરવામાં આવી હતી. વહીવટદાર રાજેશ ચૌહાણ એ જણાવ્યું હતું કે હાલ કોરોના ની પરિસ્થિતિ પ્રવર્તી રહી છે ને તેવા માં વધુ સંકર્મણ ન ફેલાય તે માટે ત્રણ દિવસ ના બદલે એક દિવસ ના પાટોત્સવ નું આયોજન કરાયું છે ને સાથે અંબાજી આવતા શ્રદ્ધાળુઓ વડાપ્રધાન નરેન્દ્રમોદી ની ઈચ્છા પ્રમાણે ગબ્બર પરિક્રમા કરી ૫૧ શક્તિપીઠો ના દર્શન કરે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

## જન્મદિને વધામણી



રજનીભાઈ એમ શાહ
પૂર્વ પ્રમુખ, બાયડ કેમિસ્ટ એસોસિયન
રાધે મેડિકલ સ્ટોર્સ
બાયડ જિલ્લો અરવલ્લી



મનીષ ગિરી ગોસ્વામી
બાયડ જીલ્લો અરવલ્લી



ઇશ્વરભાઇ મોહનભાઇ બારોટ
સંગઠન મંત્રી ,ધનસુરા તાલુકા ભાજપ
આકુંદ તા. ધનસુરા



નિકુંજભાઇ બારોટ
આકરુંદ તા.ધનસુરા

**રક્તદાન મહાદાન**

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧